પ્ર-૧. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

૧.૧ સાંપ્રત સમયમાં નૈતિક મૂલ્યોના ઘડતર સામે પડકારો

૧.૨ વૈશ્વિક વાતાવરણમાં ઉષ્ણતાની વૃધ્ધિનું વૈજ્ઞાનિક વિશ્લેષણ

૧.૩ ગુજરાતી ડાયસ્પોરાનું સ્વરૂપ

પ્ર-૨. નીચેનાં બે વિકલ્પોમાંથી કોઈ પણ એક વિકલ્પનો આશરે ૧૦૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

૨.૧ પતંગિયું પોતાની આવરદા મહિનાઓમાં નહીં, ક્ષણોમાં સમાવી દે છે
– અને છતાંય તેને સમયનો તોટો નથી! – રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. – જયંત મેઘાણી)

૨.૨ અશાન્તિ એ ખરું જોતાં અસંતોષ છે. – મોહનદાસ કરમચંદ ગાંધી

પ્ર-3. નીચે આપેલ ગદ્યખંડનો (૨૧૪ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/3 ભાગમાં સંક્ષેપ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

ભૌતિકવાદ, યંત્રવાદ કે નિયતિવાદનો અસ્વીકાર કરીને અસ્તિત્વવાદીઓ મનુષ્ય માટે પસંદગીનું સ્વાતંત્ર્ય સ્વીકારે છે. સાર્ત્ર મુજબ મનુષ્યની ચેતના તેના કોઈ પણ વિષય સાથે ક્યારેય એકાકાર થઈ શકતી નથી. કારણ કે ચેતના એટલે જ વિયોગ, જુદાઈ, અળગાપણું, નિષેધ, અભાવ અને ઝંખના. સ્વાતંત્ર્ય એટલે પસંદગી, પસંદગી એટલે મૂલ્યસર્જન અને પસંદગી એટલે જવાબદારી. મનુષ્ય હોવું એટલે જ તાત્વિક રીતે સ્વતંત્ર હોવું તેવું સાર્ત્ર નિર્દેશે છે. અસ્તિત્વ સત્વનું પુરોગામી છે અને મનુષ્ય પોતાની પસંદગીથી પોતે જે થવા માગે છે તે પરિસ્થિતિ પસંદ કરે છે. ઈશ્વર નથી તેથી સાર્ત્ર માટે મનુષ્યનું સ્વાતંત્ર્ય અબાધિત છે અને તેની જવાબદારી પણ સંપૂર્ણ છે. મનુષ્ય જે લક્ષ્યો પસંદ કરે છે તેના સંદર્ભમાં જ અમુક બાબતો અવરોધરૂપ છે કે કેમ તે પ્રશ્ન ઉદભવે છે. મનુષ્યની મુક્ત કાર્યયોજના વગર વસ્તુઓ કે પરિસ્થિતિઓ અવરોધરૂપ પણ નથી કે ઉપકારક પણ નથી. મૃત્યુ વ્યક્તિને ચેતનરૂપ સત્તામાંથી વસ્તુરૂપ બનાવી દે છે. મનુષ્ય અભિશાપિત મુક્તિ ધરાવે છે. નિર્ણય ન લેવો એ પણ એક જાતનો નિર્ણય છે. મારલો પોન્તી મુજબ સ્વાતંત્ર્ય નિરપેક્ષ નથી, કારણ કે મનુષ્ય શુદ્ધ ચેતના નથી. મનુષ્ય હંમેશાં પરિસ્થિતિમાં મુકાયેલો છે. હાયડેગર મનુષ્યની જગતમાં ફેંકાયેલા હોવાની પરિસ્થિતિનો નિર્દેશ કરે છે, પણ પરિસ્થિતિને મહત્વ આપવા છતાં કિર્કગાર્ડ, હાયડેગર કે સાર્ત્ર અસ્તિત્વનિષ્ઠા કે અધિકૃત અસ્તિત્વની શક્યતાઓ સ્વીકારે છે. સાર્ત્ર મુજબ પોતાના સ્વાતંત્ર્યનો અસ્વીકાર કરીને, પોતાની પારગામિતાનો ઇનકાર કરીને વ્યક્તિ સમાજે આપેલી ભૂમિકા સાથે એકરૂપ થઈ જવાના પ્રયત્ન કરે તે આત્મવંચના ગણાય.

– મધુસૂદન બક્ષી

પ્ર-૪. નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો. (૨ ગુણ × ૫ પ્રશ્નો)

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

વક્તૃત્વકળા : વાણીનો પ્રભાવક વિનિયોગ કરવાની કળા અને તે અંગેના નિયમોના અભ્યાસ તેમજ પ્રયોગનું શાસ્ત્ર. વક્તૃત્વકળા સામાન્ય રીતે સફળ વક્તા કેમ થવાય એ માટેની સાધના માગી લેતી કળા લેખાય છે. વક્તૃત્વકળા ને સાહિત્યકળા વાણીથી ગાઢ રીતે સંબદ્ધ છતાં બન્ને ભિન્ન ભિન્ન કળાઓ છે. વક્તૃત્વકળા અવબોધમૂલક કળા છે; જ્યારે સાહિત્યની કળા આસ્વાદમૂલક છે. વક્તૃત્વકળામાં શ્રોતાઓના વિચાર અને ભાવતંત્ર પર પ્રભાવ પાડીને સ્વહેતુ સિદ્ધ કરવાનું પ્રયોજન હોય છે, એથી વક્તૃત્વ એક પ્રકારનો પ્રચાર છે અને વક્તા પ્રચારક છે. વક્તા દલીલ કરીને પોતાની વાત શ્રોતાને ગળે ઉતારે છે અને તે માટે ભાષાગત

અનેક યુક્તિ-પ્રયુક્તિઓનો આશ્રય લે છે. જેમ સાહિત્યકાર અલંકાર, છંદ, પ્રાસ આદિ વિવિધ સાહિત્યિક ઘટકતત્ત્વોની મદદથી પોતાની સાહિત્યકૃતિ સવિશેષ અવગમનક્ષમ, આસ્વાદ્ય ને પ્રભાવક બનાવે છે તેમ વક્તા પણ ભાષાકીય અનેક યુક્તિ-પ્રયુક્તિઓની મદદથી વક્તવ્યને સરસ, સચોટ અને ઉત્તેજક બનાવે છે. સાહિત્યકળાની સૂઝસમજ વક્તૃત્વકળાને તો વક્તૃત્વકળાની સૂઝસમજ સાહિત્યકળાને ઉપકારક થતી હોય છે.

વક્તૃત્વકળાનો ઉદય વાણીના સમુદય, વિકાસ સાથે જ થયાનું જણાય છે. જે પ્રયોજન માટે વાણી છે, એ પ્રયોજનો ઉત્તમ રીતે સિદ્ધ થાય એની મથામણે એક બાજુ સાહિત્યને તો તે સાથે બીજી બાજુ વક્તૃત્વને વિકસાવવામાં વિધેયાત્મક ફાળો આપ્યો જણાય છે. બધી જ વિકસિત સંસ્કૃતિઓનો ઇતિહાસ જોતાં એમાં વાઙ્‌મય અને વક્તૃત્વનો વ્યક્તિસમદૃષ્ટિના સંસ્કારઘડતરમાં બુનિયાદી ફાળો હોવાનું વરતાય છે.

પ્રાચીન ભારતમાં મહાભારત જેવા મહાકાવ્યમાં પાત્રોની વચ્ચે અને ઉપનિષદો જેવા ચિન્તનગ્રંથોમાં ગુરુ-શિષ્ય વચ્ચે જે સંવાદો અને પ્રશ્નોત્તરીઓ થાય છે, એમાં વક્તૃત્વકળાનાં દર્શન થાય છે. મધ્યકાલીન ભારતમાં વિદ્વત્સભાઓમાં કે વિદગોષ્ઠિઓમાં, ષડ્દર્શનો અંગે વિદ્વાનો, ધર્માચાર્યો વગેરે વચ્ચે ચાલતા વાદવિવાદોમાં, ખંડન-મંડનની પરંપરામાં તત્કાલીન શ્રોતાઓને વક્તૃત્વકળાનાં દર્શન પણ થયાં હશે. અલબત્ત, એ અંગેનો સિલસિલાબંધ કોઈ ઇતિહાસ ઉપલબ્ધ નથી. આમ છતાં વાણીનો પ્રભાવક વિનિયોગ કેમ થાય એ અંગેની ઊંડી ને પાકી સૂઝસમજ ભારતના વાઙ્‌મયવિચારકોની હોવાની મજબૂત પ્રતીતિ એમની સૂક્ષ્મ અલંકારચર્ચા ને શબ્દશક્તિની ચર્ચાથી સમજાય છે. જોકે વક્તૃત્વનો અંદાજ છતાં એ અંગેનો કોઈ શાસ્ત્રગ્રંથ મળી શક્યો નથી, એ પણ હકીકત છે. આજના સંદર્ભમાં વક્તૃત્વ અંગે ચર્ચાવિચારણા કરતાં પાશ્ચાત્ય વાગવિદોની – વાગવિદગ્ધોની ચર્ચાવિચારણા અનેકધા પ્રેરક અને માર્ગદર્શક થતી જણાય છે.

– નિરંજન ભગત

પ્રશ્નો:

૪.૧ વકતૃત્વ 'કળા' શા માટે છે?

૪.૨ વકતૃત્વકળાનું સાધ્ય શું છે?

૪.૩ સંસ્કૃતિ વિકાસમાં વકતૃત્વકળાનું યોગદાન શું છે?

૪.૪ વકતૃત્વકળા અને સાહિત્યકળા પરસ્પર કેવો સંબંધ ધરાવે છે?

૪.૫ વકતૃત્વકળા વિદ્યાર્થીના વિકાસને કેવી રીતે સંચાલિત કરે છે?

પ્ર-૫. (આશરે ૧૫૦ શબ્દો)

સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ભારે ચક્રવાતનું આક્રમણ થનાર છે. ગુજરાત સરકારે સંબંધિત અધિકારીઓ સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી કાંઠા વિસ્તારમાં રહેતા માછીમારભાઈઓ માટે માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરી છે. આ અંગેની પ્રચાર માધ્યમોને જાણકારી આપતું મુખ્યમંત્રીશ્રીનું નિવેદન તૈયાર કરો.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર-૬. (આશરે ૧૦૦ શબ્દો)

સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિની પ્રક્રિયાના અસરકારક સંકલન માટે ગુજરાત સરકારે મોબાઇલ ફોનની ઍપ તૈયાર કરી છે. આ ઍપની તકનીકી સુરક્ષા અંગેની તલસ્પર્શી માહિતી આપતો, રાજ્ય સરકારના શિક્ષણવિભાગના સચિવશ્રીનો પત્ર, ગુજરાતના વિશ્વવિદ્યાલયોના કુલસચિવશ્રીને લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 5

પ્ર-૭. (આશરે ૨૦૦ શબ્દો)

સમાજમાં વાનપ્રસ્થાશ્રમો બહોળી સંખ્યામાં વિકસી રહ્યા છે. આ વાસ્તવનું વિશ્લેષણ કરતું ચર્ચાપત્ર 'ત થ દ' વર્તમાનપત્રના તંત્રીશ્રીને સંબોધીને લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર-૮. (આશરે ૨૦૦ શબ્દો)

તમે સંશોધક છો. તમે સંશોધનાર્થે અગરિયાઓ સાથે સંવાદ કર્યો. એમની સમસ્યાઓને વર્ણવતો અહેવાલ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્ર-૯. આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો.

**The third thing we must do is not to be content with mere political democracy. We must make our political democracy a social democracy as well. Political democracy cannot last unless there lies at the base of it social democracy. What does social democracy mean? It means a way of life which recognizes liberty, equality and fraternity as the principles of life. These principles of liberty, equality and fraternity are not to be treated as separate items in a trinity. They form a union of trinity in the sense that to divorce one from the other is to defeat the very purpose of democracy. Liberty cannot be divorced from equality, equality cannot be divorced from liberty. Nor can liberty and equality be divorced from fraternity. Without equality, liberty would produce the supremacy of the few over the many. Equality without liberty would kill individual initiative. Without fraternity, liberty and equality could not become a natural course of things. It would require a constable to enforce them… For fraternity can be a fact only when there is a nation. Without fraternity, equality and liberty will be no deeper than coats of paint.**

**– Dr. B. R. Ambedkar**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્ર-૧૦. સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૧ × ૧૦ = ૧૦)

૧૦.૧. રૂઢિપ્રયોગનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.
૧૦.૧.૧ જગન કરવો

૧૦.૨. કહેવતનો અર્થ સમજાવો.

૧૦.૨.૧ સમુદ્ર આગળ લૂણની ભેટ

૧૦.૩. સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

૧૦.૩.૧ ઉપકૃષ્ણમ્

૧૦.૪. પંક્તિનો છંદ ઓળખાવો.

૧૦.૪.૧ 'વડસાસુ ઘણું ભારે માણસ, બોલ્યાં પરમ વચન વહુ જી'

૧૦.૫. અલંકાર ઓળખાવો.

૧૦.૫.૧ શશીમુખ સરખું સુખ પાસે

૧૦.૬. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
૧૦.૬.૧ ઉકેલી ન શકાય તેવી સમસ્યા

૧૦.૭. શબ્દની જોડણી સુધારો.

૧૦.૭.૧ ઉર્જિત

૧૦.૮. વાક્યમાં જોડણીની ભૂલો સુધારો.
૧૦.૮.૧ માણસની આવી સૌંદર્યાભીમૂખતા અથવા તો સૌંદર્યતરસ તેના દૈનદિનિય જીવનમાંઅનેકશ: પ્રકટતી જણાય છે.

૧૦.૯. શબ્દની સંધિ છોડો.
૧૦.૯.૧ અન્યાન્ય

૧૦.૧૦. વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.
૧૦.૧૦.૧ વિધાન વાક્ય બનાવો
કેવું આહ્લાદક દૃશ્ય !

**Q.1.** **Write an essay on any <u>ONE</u> of the following in minimum 250 to maximum 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style having originality of thought and expression. It must be well-argued piece of writing coherently and sequentially with observance of grammatical rules.**

**I. Believe you can, and you're halfway there.**

**II. Artificial Intelligence and Cyber Security: A double-edged sword.**

**III. World Peace seems to be a distant reality.**

**IV. Indian Economy has shown considerable resilience amid Global Uncertainties.**

**V. The goal of life is living in agreement with Nature.**

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 15 |

**Q.2.** **Imagine you are a Deputy Section Officer in the Department of Women and Child Development Department, Government of Gujarat. With a view to making the Mahila Swavlamban Scheme more effective and result-oriented, the department has decided to engage the leading women entrepreneurs in each district to guide the beneficiaries under the said scheme. Your senior officer has sought your opinion about the needful actions for the same. Write a letter, in about 150 words, to your senior officer offering needful suggestions.**

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

**Q.3.** **Write a report in about 200 words on your recent field trip to GIFT City at Gandhinagar.**

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

**Q.4.** **Reflect on the following picture with meaningful observations in about 150 words.**



મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

**Q.5.** **The Directorate General of GST Intelligence (DGGI) has inaugurated its first-ever digital forensic laboratory in Gujarat at Gandhinagar. Draft a formal speech, in about 150 words, to be delivered by the Hon'ble Finance Minister of India as the key speaker of the program.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

**Q.6.** **Write a precis of the following passage in about one-third of its original length.**

**To meet the growing demands, India would require producing 430 mt of foodgrains for ensuring food security by 2050. About 95% of our food is directly or indirectly produced on our soils. Hence, the major determinants for achieving future food security goals will be driven by the use and timely supply of quality seeds, fertilizers, and water along with application of modern technologies supporting the precision management of resources. Fertile soil contains an adequate supply of essential nutrients like nitrogen, phosphorus, potassium, and micronutrients, which are vital for plant growth, development and improved yield. These nutrients are absorbed by plants and are essential for various physiological processes, such as photosynthesis, protein synthesis, fruit formation, etc. Hence, soil fertility directly influences crop yield and quality. Nutrient-rich soil can provide all essential nutrients and lead to higher crop productivity and improved produce quality, including better taste, appearance, and nutritional content but inadequate amount of nutrients can result in stunted growth, reduced yield, and even poor harvests. However, fertile soil supports diverse plant life, which in turn promotes biodiversity. Soil fertility also impacts the soil microorganisms' health, which plays essential roles in nutrient cycling and maintaining soil**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

structure. Healthy soils with adequate organic matter content can sequester carbon dioxide from the atmosphere and this helps to mitigate climate change, as carbon is stored in the soil, thus reducing the greenhouse gas concentrations of the atmosphere. Well-nourished plants are better equipped to withstand adverse conditions and recover more quickly from disturbances. Soil fertility is essential for ensuring sustainable agriculture, preserving ecosystem health, maintaining biodiversity, and providing nutritious food for both humans and animals. Proper soil management practices, such as judicious fertilizer application, organic matter incorporation, and erosion control, are crucial for maintaining and enhancing soil fertility over a time.

**Q.7.** **Read the following passage carefully and answer the questions that follow.**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

**5 × 2 = 10**

Dairy farming is providing subsistence to millions of small, marginal and landless farmers in India in general and Gujarat in particular. The milch animals are being reared mainly by utilizing residues and thus, the milk production is essentially a subsidiary activity in agriculture. At present, India is ranking the first position in milk production in the world. It is a known fact that the bulk of milk production is handled by small milk producers. It looks all the more evident that dairying as commercial enterprises will go a long way for their poverty alleviation. However, most of the rural farmers who keep dairy animals do the recommended package of practices of dairy management due to their illiteracy and unawareness of economic aspects of milk production. Various studies and statistics have revealed that most of the dairy farmers are marginal agricultural farmers and depend upon rain-fed farming. It has been found that big sized families (more than 5 family members) with one earning member in the family have higher level of knowledge in respect to breed improvement, nutritional requirements and improved disease control practices. More than half of the dairy farmers belong to the middle age group having secondary education. They are active members of rural social organizations using television, newspaper and posters/charts as a source of information on improved animal husbandry practices. Thus, now it is high time to create awareness among dairy farmers about the development of scientific technologies and various interventions required in dairy production in order to enhance milk quality from dairy animals.

**Questions:**

I. Why is dairy farming important in India?

II. What have the various studies and statistics revealed?

III. What awareness should be created among the dairy farmers? Why?

IV. Why do most of the rural farmers still follow the recommended package of practices of dairy management?

V. Give a suitable title to the passage.

**Q.8. Do as directed:** **15 × 1 = 15**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 15

**Choose the correct answer from the given options and darken the circle ( ● ) as well as write the correct answer in the bracket ( CAPITAL LETTER) as per the sample given below.**

**Sample Answer :** ( C ) (A) ○ (B) ○ (C) ● (D) ○ (E) ○

1. **In recent decades, the efficiency of antibiotic medicines _______ by a growing number of research papers.**
   **(A) will have been questioned**
   **(B) would be questioned**
   **(C) has been questioned**
   **(D) having been questioned**
   **(E) was questioned**
   **Ans.:** ( ) (A) ○ (B) ○ (C) ○ (D) ○ (E) ○
2. **We _____ no problems whatsoever with the dam since it ______ forty years ago.**
   **(A) had / having been constructed**
   **(B) were having / was being constructed**
   **(C) have had / was constructed**
   **(D) had had / had been constructed**
   **(E) are having / is constructed**
   **Ans.:** ( ) (A) ○ (B) ○ (C) ○ (D) ○ (E) ○
3. **Has anybody answered your question?(*Change the voice*)**
   **(A) Has your question been answered by anybody?**
   **(B) Is your question being answered by anybody?**
   **(C) Who has been answered your question?**
   **(D) Anybody answered your question?**
   **(E) Have you answered your question?**
   **Ans.:** ( ) (A) ○ (B) ○ (C) ○ (D) ○ (E) ○

4. **She asked me, "Did you see the award night on television last night?". (*Change the narration*)**

**(A) She asked me whether I saw the award night on television the earlier night.**

**(B) She asked me whether I had seen the award night on television the earlier night.**

**(C) She asked me did I see the award night on television the last night.**

**(D) She asked me whether I had seen the award night on television the last night.**

**(E) She asked me if I saw the award night the last night.**

**Ans.:** ( ) (A) O (B) O (C) O (D) O (E) O

5. **S.G. road is wider than C. G. road. (*Transform the sentence into a negative sentence without changing its meaning*)**

**(A) C. G. road is not as wide as S. G. road.**

**(B) S. G. road is not as wide as C. G. road.**

**(C) S. G. road is not as wider as C. G. road.**

**(D) C. G. road is not as wider as S. G. road.**

**(E) Both S. G. road and C. G. road are not wide.**

**Ans.:** ( ) (A) O (B) O (C) O (D) O (E) O

6. **There is _____ hair in my soup and ____ plate is dirty.**

**(A) the, the**

**(B) a, a**

**(C) the, a**

**(D) a, the**

**(E) No article, No article**

**Ans.:** ( ) (A) O (B) O (C) O (D) O (E) O

7. **She has no control ______ her temper.**

**(A) with**

**(B) on**

**(C) for**

**(D) about**

**(E) over**

**Ans.:** ( ) (A) O (B) O (C) O (D) O (E) O

**8. They ______ us just because we're poor.**

**(A) look down at**

**(B) look down for**

**(C) look down on**

**(D) look down over**

**(E) look down in**

**Ans.: (  )** (A) O (B) O (C) O (D) O (E) O

**9. The new project will be <u>left to</u> him as he is the most senior executive. (*Choose the most appropriate meaning of the underlined expression*)**

**(A) given to**

**(B) taken away from**

**(C) be responsible for**

**(D) ordered by**

**(E) considered to be**

**Ans.: (  )** (A) O (B) O (C) O (D) O (E) O

**10. The meaning of *<u>pilferage</u>* is ________.**

**(A) tax**

**(B) special payment**

**(C) stealing**

**(D) leakage**

**(E) strict discipline**

**Ans.: (  )** (A) O (B) O (C) O (D) O (E) O

**11. Choose the synonym of 'predicament'.**

**(A) Difficult situation**

**(B) Hotel kitchen**

**(C) Tool kit**

**(D) Protection layer on the electric equipment**

**(E) Religious chanting**

**Ans.: (  )** (A) O (B) O (C) O (D) O (E) O

12. **Choose the correct antonym of 'gullible'.**

**(A) simple**

**(B) suspicious**

**(C) sanitation pipeline**

**(D) food sold on streets**

**(E) easy to fool**

**Ans.:** ( ) (A) O (B) O (C) O (D) O (E) O

13. **Choose the one-word substitution for 'release someone from a duty or obligation'.**

**(A) Crusade**

**(B) extempore**

**(C) sinecure**

**(D) dispense**

**(E) exonerate**

**Ans.:** ( ) (A) O (B) O (C) O (D) O (E) O

14. **_______ you can keep the elderly active, their quality of life improves so much.**

**(A) Even if**

**(B) Even though**

**(C) Although**

**(D) If**

**(E) For all**

**Ans.:** ( ) (A) O (B) O (C) O (D) O (E) O

15. **He spoke with a thick French ______.**

**(A) Assent**

**(B) accent**

**(C) aksent**

**(D) askent**

**(E) eccent**

**Ans.:** ( ) (A) O (B) O (C) O (D) O (E) O

Q.9. **Translate the following passage from Gujarati to English:**

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

મનુષ્યનો કલા સાથેનો સંબંધ હંમેશા રસપ્રદ રહ્યો છે. સ્થાપત્યકલા, શિલ્પકલા, ચિત્રકલા, સંગીતકલા, નૃત્યકલા અને સાહિત્યકલાના કેન્દ્રમાં માણસ છે, માનવજીવન છે. માનવીય મૂલ્યો અને માનવસમાજના વિવિધ પ્રકારના ભાવો કલાનો વિષય બને છે. જે તે સર્જક, કલાકાર પોતાની રસ-રુચિ અનુસાર કલાનું સર્જન કરે છે. તે પોતાની માન્યતા, ધારણા અને સમજદારી કલા નિમિત્તે પ્રગટ કરે છે. કલા માનવજાતિનું અભિન્ન અંગ છે. માણસ જન્મે ત્યારથી લઈને તે મૃત્યુ પામે ત્યાં સુધીમાં તેણે અનેક કલાઓમાં નિપુણતા હસ્તગત કરી લીધી હોય છે. જાણે-અજાણે તે અનેક કલાઓનો દીવાનો બની ચૂક્યો હોય છે. એકપણ કલામાં રસ-રુચિ ન હોય એવા માણસની કલ્પના કરવી મુશ્કેલ છે. અભણ, અજ્ઞાની, જંગલમાં વસવાટ કરતો મનેખ પણ કલાનો પ્રેમી હોય છે, તે સર્જે છે અને સર્જન કરવા પ્રેરે છે. તેથી કલા વગરના મનુષ્યજીવનને કલ્પી શકાય નહીં. વિવિધ કલાઓમાં સાહિત્યકલાને શ્રેષ્ઠ કલા તરીકે સ્વીકારવામાં આવી છે. એકાધિક વિષયોના કારણે સાહિત્યને જુદા જુદા ભાગોમાં વહેંચવામાં આવ્યું છે. એમાં શિષ્ટસાહિત્ય, ચારણીસાહિત્ય, દલિતસાહિત્ય, નારીવાદીસાહિત્ય, આદિવાસી સાહિત્ય, ગ્રામીણસાહિત્ય, સંતસાહિત્ય, લોકસાહિત્ય વગેરેને ગણાવી શકાય.

પ્રશ્ન.-1. ઈ.સ. 1857ના ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામને કારણે ભારતમાં થયેલ વહીવટી ફેરફારો જણાવો.

| | |
|---|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્રશ્ન.-2. ગુજરાતના ઈતિહાસમાં સોલંકી રાજવંશે દરેક ક્ષેત્રમાં પોતાની આગવી અને ઊંડી છાપ પ્રસ્થાપિત કરેલ છે. – ચર્ચા કરો.

| | |
|---|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્રશ્ન.-3. ગુજરાતમાં પાટણ જીલ્લો કલા, શિલ્પ, સ્થાપત્ય અને સાહિત્યક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઉભી કરે છે. – ઉદાહરણ સહિત ચર્ચા કરો.

| | |
|---|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્રશ્ન.-4. ગુજરાતની અનુસૂચિત જનજાતિઓના ઘર, આભૂષણો અને પહેરવેશ પર નોંધ લખો.

| | |
|---|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્રશ્ન.-5. હિમાલય પર્વતમાળામાંથી નીકળતી નદીઓનો ભારતના અસ્તિત્વ અને વિકાસ પર ભારે પ્રભાવ છે. – ચર્ચા કરો.

| | |
|---|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

પ્રશ્ન.-6. ભારતીય મહિલાઓના સામાજીક સશક્તિકરણ પર વૈશ્વિકરણની અસરો વર્ણવો.

| | |
|---|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS | |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 | |

| | | |
|---|---|---|
| પ્રશ્ન.-7. | ભારતીય સંરક્ષણ દળો હવે ભારતીય ટેકનોલૉજીથી ઉત્પાદિત સંરક્ષણ સાધનોથી સુસજ્જ છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન.-8. | સાયબર ક્રાઈમ (વ્હાઈટ કૉલર ક્રિમિનલો)ને અટકાવવા માટેના પગલાંઓની ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન.-9. | ઈ-વેસ્ટ મેનેજમેન્ટ વિશ્વના બધા જ દેશો માટે ખૂબ જ નિર્ણાયક મુદ્દો છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન.-10. | ભારતે “ગ્લોબલ ઈન્નોવેશન ઈંડેક્સ”માં પોતાનો ક્રમ વધુ ઊંચાઈએ લઈ જવા માટેનાં પગલાંઓ સૂચવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |

| | | |
|---|---|---|
| પ્રશ્ન.-1 | “ભારતના સંવિધાનમાં 61માં સુધારાને કારણે ભારતની લોકશાહીને મજબૂત થવા માટે વધારે બળ મળેલ છે.” – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન.-2 | ભારતના બંધારણ હેઠળ રાજ્યપાલની સત્તાઓ અને કાર્યો અંગેની બંધારણીય જોગવાઈઓ જણાવો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન.-3 | માનનીય વડાપ્રધાનશ્રીની “સૂર્યોદય યોજના” દરેક ઘરમાં પ્રકાશ તથા વધારાની આવક ઉભી કરશે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન.-4 | **UNESCO** (યુનેસ્કો) સંયુક્ત રાષ્ટ્રની ખૂબજ અગત્યની સંસ્થા છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન.-5 | આધુનિક સમાજમાં નૈતિક પડકારો માત્ર એક વ્યક્તિ, સંસ્થા કે એક એકમ પૂરતા મર્યાદિત નથી પણ તે પડકાર સમગ્ર સમાજ માટે છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન.-6 | “સાંસદ આદર્શ ગ્રામ યોજના”નો મુખ્ય હેતુ પસંદગી પામેલા ગામનો સર્વાંગી વિકાસ કરી તેને આદર્શ ગામ બનાવવાનો છે. – ચર્ચા કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન.-7 "ડિપાર્ટમેન્ટ ઑફ બેંકિંગ સુપરવિઝન (DBS) ભારતના બેંકિંગ સેક્ટરના વિકાસ માટે ખૂબજ મહત્વની ભૂમિકા ભજવે છે." – ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-8 માનનિય અદાલતોના ચૂકાદાઓ અને સરકારશ્રીના આદેશો દ્વારા માનવ અધિકારોને રક્ષણ અને રોજિંદા જીવનમાં પારદર્શક્તાને પ્રોત્સાહન મળે છે. – ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-9 પૃથ્વીના વાતાવરણને નુકસાન પહોંચાડ્યા સિવાય, વિશ્વની વધતી વસ્તીને ખોરાક પૂરો પાડવો એ વિશ્વ સમક્ષ ઘણો જ મોટો પડકાર છે. – ચર્ચા કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન.-10 કેસ સ્ટડી

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

તમે સ્પેર પાર્ટ્સ કંપની "A"ના મેનેજર છો અને તમારે મોટી મેન્યુફેક્ચરિંગ કંપની "B"ના મેનેજર સાથે સોદાની વાટાઘાટ કરવાની છે. આ સોદો અત્યંત સ્પર્ધાત્મક છે અને તમારી કંપની માટે આ સોદો કરવો મહત્વપૂર્ણ છે. જમતી વખતે સોદા માટે ચર્ચા કરવામાં આવી છે. રાત્રિભોજન પછી મેન્યુફેક્ચરિંગ કંપની "B"ના મેનેજરે તમને તેમની કારમાં હોટેલમાં મૂકી જવાની ઓફર કરી. હોટલના માર્ગમાં તેણે મોટરસાઈકલને ટક્કર મારતાં મોટરસાઈકલ સવારને ગંભીર ઇજા થાય છે. તમે જાણો છો કે મેનેજર ઝડપથી ગાડી ચલાવી રહ્યો હતો અને તેથી તેણે નિયંત્રણ ગુમાવ્યું. કાયદા અમલીકરણ અધિકારી આ મુદ્દાની તપાસ કરવા આવે છે અને તમે અકસ્માતના એક માત્ર સાક્ષી છો. માર્ગ અકસ્માતોને લગતા કડક કાયદાઓ તમે જાણો છો અને આ ઘટનામાં તમારા પ્રમાણિક મંતવ્યથી મેનેજર સામે સખત કાર્યવાહી થશે અને પરિણામે સોદો જોખમમાં મૂકાઈ જશે. જે તમારી કંપની માટે ખૂબજ મહત્ત્વપૂર્ણ છે.

ઉપરોક્ત બાબતોને લક્ષમાં લેતાં નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. તમે કઈ દુવિધાઓનો સામનો કરી રહ્યા છો ?
2. પરિસ્થિતિ પ્રત્યે તમારો પ્રતિભાવ શું હશે ?